ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૦/૯૦૮-૯૪૨

કમિશ્નર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૯/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'અહિંસા' વિષય પર નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેરણા આપવા અંગેની રજૂઆત બાબત.

સંદર્ભ : મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદની તા.૨૦/૧૨/૨૦૧૯ ની રજૂઆત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી મહાત્મા ગાંધીની ૧૫૦ જન્મજયંતી વર્ષ તથા જૈનાચાર્ય પૂ.આ.દેવ શ્રીમદ વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના ૭૫ મા જન્મજયંતી વર્ષ (અહિંસા અમૃત વર્ષ) નિમિત્તે અહિંસા, સ્ત્રી ભૃણહત્યા વિરોધ, શાકાહારનો પ્રચાર, પશુબલિ નિવારણ જેવા વિષય પર ગુજરાતી ભાષામાં તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૦ સુધી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેરણા આપવા અંગે મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અમદાવાદની રજૂઆત આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ સદર નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા અંગે આપના તાબા હેઠળની શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓને જાણ કરશો.

ક્રમાંક/ ૪૯-૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૧૫/૦૧/૨૦૨૦

- નકલ રવાના જાણ તથા
અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર

- પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ ગ્રાન્ટેડ/ નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા.
શાળાઓ તમામ.

Scanned by CamScanner

# ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન



જન્મ : 28 ઑગસ્ટ 1896, ચોટીલા • નિધન : 9 માર્ચ 1947, બોટાદ

www.jhaverchandmeghani.com

20 ડીસેમ્બર 2019 ઝમે/2019-20/019

આદરણીય શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ

મંત્રીશ્રી : શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો,

મીઠા ઉદ્યોગ, ગૌસંવર્ધન અને નાગરિક ઉડ્ડયન

ગુજરાત રાજ્ય

'અહિંસા' વિષય પર નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેરણા આપવા નમ્ર વિનંતી.

સાદર પ્રણામ.

મહાત્મા ગાંધીની 150 જન્મજયંતી વર્ષ તથા જૈનાચાર્ય પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના 75મા જન્મજયંતી વર્ષ (અહિંસા અમૃત વર્ષ) નિમિત્તે અહિંસા, સ્ત્રી ભ્રુણહત્યા વિરોધ, શાકાહારનો પ્રચાર, પશુબલિ નિવારણ જેવાં વિષય પર ગુજરાતી ભાષામાં અમે નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું છે. 30 જાન્યુઆરી 2020 સુધી ખુલ્લી રહેનારી આ નિબંધ સ્પર્ધામાં ધર્મ-સંપ્રદાયનાં ભેદભાવ વગર કોઈપણ વયનાં ભાવિકો ભાગ લઈ શકે છે.

અહિંસા, સ્ત્રી ભ્રુણહત્યા વિરોધ, શાકાહારનો પ્રચાર, પશુબલિ નિવારણ જેવાં વિષયો પર નવી પેઢીનાં વિચારોને જાણી શકાય તે માટે ગુજરાતભરની શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રાંધ્યાપકોને આ નિબંધ સ્પર્ધામાં ભાગ લે તેવી પ્રેરણા આપવા નમ્ર વિનંતી છે. વિગત સાથે બીડેલ છે.

આભાર સહ. આપ કુશળ હશો.

પિનાકી મેઘાણી

પિનાકી નાનકભાઈ મેઘાણી

[ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને મેનેજિંગ ટ્રસ્ટી]

મનેજિંગ ટ્રસ્ટી
ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન
અમદાવાદ

ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન ટ્રસ્ટ રજી. નં. E/19991/Ahmedabad તા. 05-07-2012 અમદાવાદ

ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન

પાર્થસારથી એવેન્યુ, 903, કાન્હા, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ 380015

ફોન (91-79) 2676 1814 • મોબાઈલ 98250 21279 • ઈ-મેઈલ pinakimeghani@gmail.com

ટ્રસ્ટ રજી. નં : E/19991/Ahmedabad, તા. : 05-07-2012

80G(5) રજી. નં : DIT(E)/AHD/80G(5)/JMSS/236/2013-14, તા. : 19-08-2013

Scanned by CamScanner

Scanned by CamScanner

રક્ષ રક્ષ આદીશ્વર

અહિંસા પરમો ધર્મ

રક્ષ મામ્ દેવિ પદ્મે



શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી સમારાધક, શ્રી લબ્ધિ-વિક્રમ ગુરૂકૃપાપ્રાપ્ત,
અનેક પ્રાચીન તીર્થોધ્ધારક-પ્રતિષ્ઠાચાર્ય, પ્રખર પ્રવચનકાર જૈનાચાર્ય

## પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા.

75મા જન્મજયંતી વર્ષની 'અહિંસા અમૃત વર્ષ' તરીકે ભારતભરમાં
'અખિલ ભારતીય અહિંસા અમૃત વર્ષ સમિતિ' દ્વારા ઉજવણી અંતર્ગત

# નિબંધ સ્પર્ધા

અહિંસા • ભ્રૂણહત્યા વિરોધ • શાકાહાર • પશુબલિ નિવારણ

(કોઈપણ એક અથવા ચારેય વિષયોને સાંકળીને 500 શબ્દો સુધી સીમિત)

ભાષા ગુજરાતી

સમય મર્યાદા 02 ઑકટોબર 2019 (150મી ગાંધી જન્મજયંતી)થી 30 જાન્યુઆરી 2020 (ગાંધી નિર્વાણ દિન)

પ્રેરિકા

જિનશાસનના ગૌરવ સમા, બાલદીક્ષિતા, પરમ વાત્સલ્યમયી, શાસનસેવિકા પૂ.સા.વર્યા પ્રવર્તિની વાચંયમાશ્રીજી મ.સા.
(પૂ. બેન મ.સા.)

પુરસ્કાર

પ્રથમ ઈનામ : રૂ. 21000 • દ્વિતીય ઈનામ : રૂ. 15000 • તૃતીય ઈનામ : રૂ. 11000

ચૂંટેલા અન્ય 100 સ્પર્ધકોને રૂ. 500 પ્રોત્સાહન ઈનામરૂપે આપવામાં આવશે.

નિયમ

1. વિશ્વભરમાં વસતાં કોઈપણ ધર્મ-સંપ્રદાયના દરેક વયના ભાવિકો આ નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
2. સ્પર્ધકોએ પોતાનું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઉંમરનો ઉલ્લેખ કરવો જરૂરી છે.
3. મૌલિક કૃતિ જ મોકલવાની રહેશે. 4. અગાઉ પ્રકાશિત થયેલ કૃતિ રદ ગણાશે.
5. કૃતિની મૂળ નકલ પરત કરવામાં આવશે નહિ. સ્પર્ધકે કૃતિની એક નકલ પોતાની પાસે રાખવી.
6. નિર્ણાયક મંડળનો અંતિમ નિર્ણય માન્ય ગણાશે.

આયોજક

અખિલ ભારતીય અહિંસા અમૃત વર્ષ સમિતિ (સંપર્ક : જીતુભાઈ શાહ - 9687626350, 9687626346/51)

સંયોજક / કૃતિ મોકલવાનું સ્થળ

ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (સંપર્ક : પિનાકી મેઘાણી - 9825021279)

903, કાન્હા, પાર્થસારથી એવેન્યુ, બિલેશ્વર મહાદેવની સામે, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ : 380015

labdhivikram@gmail.com, pinakimeghani@gmail.com ઈમેલ પર પણ કૃતિઓ મોકલી શકાશે.

Scanned by CamScanner